श्री गणेश महिम्न स्तोत्र

"सार्थ"

ॐ श्री गणेशायनमः ॥१॥

श्री गायत्री पुरश्चरणालय (व) स्वानन्दोद्भव बुद्धि स्थान

वेद विद्यालय (पुस्तकालय) श्री गणपति मंदिर.

ग्रंथांक २३. लुणावाडा.

॥ श्री गणेश म[illegible]म्नस्तोत्र ॥

गुजराति टिका साथे.

ब्रह्मविद्वरिष्ट. ब्र. ब्र. श्रीमत् पूर्णानन्द स्वरूप महाराज.

लुणावाडा.

प्रसिद्ध कर्त्ता.

भूलेश्वर जेष्ठाराम मेहेता.

लुणावाडा.

अमदावाद

धी गुजरात प्रीन्टींग प्रेसमां शाह सोमालाल मंगळदासे छाप्युं.

प्रत १०००.

मूल्य रु. ०-२-०.

ॐ श्रीगणेशायनमः ॥ १ ॥

આ કલિયુગ રૂપ ગણાતા કાળમાં ભારતવર્ષની સનાતન વૈદિક ધર્મિ પ્રજામાં જુદા જુદા પ્રકારના આગ્રહી પંથ મતના સાભિમાનીઓએ સ્વસ્વમનકલ્પિત મંતવ્યો પ્રસિદ્ધ કરી પ્રસરાવી શુદ્ધ માર્ગે મર્યાદા ઢાંકી ઐક્ય ધર્મિ પ્રજામા કલહો ઉત્પન્ન કર્યા છે. અને મનની અધમ સ્થિતીથી જીવ દશાની રાગ દ્વેષવાળી બુદ્ધિથી મતાભિમાની બનતા પોતાના કર્તૃત્વના અંગે એક પરમાત્માના અનેક ક્રમ યુક્તિવાળા નામોની નિંદા કરી પ્રાયાશ્ચતના ભાગી બન્યા છે.

પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ સત્યસ્વરૂપ–જ્ઞાનસ્વરૂપ અને અનંત સ્વરૂપ હોઇને એક અને અદ્વૈત ૐકાર સ્વરૂપે સિદ્ધ છે. અને તે ઉપાસના કાળમા સગુણ નિર્ગુણ સમાનાત્મકજ કહેવાય છે. નિર્ગુણ પરમાત્મા ઉપાસનાકાળમા સગુણ બ્રહ્મ કહેવાય છે. જગત્ સર્જનકાળમાં નિર્ગુણને વિષે જગત્ સર્જનની કલ્પના સંભવે નહિ, તેથી તત્ બ્રહ્મસ્વરૂપના એક દેશમાં માયાની કલ્પના કરી તે બ્રહ્મને સગુણ એટલે ગુણવાળી અવ્યક્ત માયાના અધ્યસ્તમાં અધિષ્ઠાન સ્વરૂપે ગણવામાં આવે છે. તેથી તે નિર્ગુણ બ્રહ્મ સગુણ બ્રહ્મ કહેવાય છે. તે પછી માયા જેમ જેમ નીચે ઉતરતી ગઇ અને જડતા રૂપે ગણાવા લાગી, તેમ તેમ તે અવ્યક્ત (સગુણ બ્રહ્મની પ્રકૃતિ)નું **મહત્તત્વ** નામ ગણાયું અને સગુણ બ્રહ્મનું ત્યા ઇશ્વર અથવા શિવ નામ ગણાયું. અહિયાં પુરૂષ પ્રકૃતિ પણ

કહેવાય છે ખરૂં–આ ઇશ્વરની પ્રકૃતિ **વિદ્યા** એવા નામથી પણ ગણાય છે. તેજ પ્રકૃતિ **અવિદ્યા** રૂપે બીલકુલ જડ થતાં વિકૃતિભાવમાં ત્રણ ગુણ રૂપે હોવાના સબંધમાં પ્રકૃતિમય ભાવથી તે પુરૂષ પણ ત્રણ રૂપે થાય. તે ત્રણ **જીવ** ગણાય. એમ ૧ **સગુણ બ્રહ્મ** પદ–તેની નીચે બીજું **ઇશ્વર બ્રહ્મ** પદ તથા તેની નિચે ત્રીજુ ચોથું અને પાંચમું **જીવ બ્રહ્મ** પદ એમ પાંચે પદમાં એકજ પ્રભુનું વ્યાપકત્વ સિદ્ધ છે. છતાં પ્રભુના સિદ્ધાન્તમાં જીવ અને ઇશ્વર એ બન્ને ભાવ માયા કલ્પિત દેશમાં પ્રતિપાદન થતા હોઈને લયમાં ગણાય છે. તેથી ઉપાસનાકાળમા પોતાના અજ્ઞાનપણામાં પોતાની જીવ અને ઇશ્વર દશાને વિલય સગુણ બ્રહ્મસ્વરૂપમાં કરવાની આવશ્યક્તા જાણી તે ૐકારના સગુણ સ્વરૂપની શ્રદ્ધાવડે, ભક્તિવડે અને ધ્યાનવડે ઐકયતા સમજવી વા સ્વરૂપની લક્ષણા સમજવી જોઇએ–કે જેથી કલ્પિત એવી માયા માત્રને જીવ ઇશ્વરની સમજ સાથે અને જન્મમર્ણાદિક જગત માત્રની સાથે લય થાય અને પોતાનું મૂળ સ્વરૂપ યથાર્થ ધ્યાનમાં આવે કે પછી પરબ્રહ્મ પરમાત્મા શિવાય અન્ય કંઈ પણ ભાસેજ નહિ.

આ વિષય એટલો બધો ગહન અને બોહાળો છે કે વિચારથી કે લખવાથી પાર આવે તેમ નથી. અવિદ્યા બળથી નિરાસ થયેલી બુદ્ધિ શ્રીસદ્દગુરૂ પરમાત્માની કૃપાદૃષ્ટિથી વિદ્યા બળ રૂપ થતાં સત્સંગમા વૃદ્ધિ પામીને અંતે તે

બુદ્ધિરૂપ નદી બ્રહ્મસ્વરૂપરૂપી સાગરમાં તદ્રૂપતાને પામે છે, માટે શાસ્ત્ર મર્યાદાપૂર્વક બ્રહ્મવેત્તા જીવન્મુક્ત સદ્ગુરૂ મહાત્મા સંત પુરૂષની અવશ્ય આવશ્યકતા છે.

શાસ્ત્રવિદ્યા, બુદ્ધિરસ આ કાળમાં સુકાયા સરખો અર્થાત્ મૃગજળ સમાન પ્રકાશી રહ્યો છે. ત્યાં પંથ મતના આગ્રહીઓનો જેવો જોઇએ તેવો દાવ ફાવ્યો છે. અને તેમણે એવા વિચારો ઠસાવી દીધા છે કે અન્ય માર્ગિઓની કથા સાંભળવી નહિં. તેમના સમાગમમાં રહેવું નહિં. પણ તે આગ્રહ અદલ ઇન્સાફી ન્યાયી દયાલુ બ્રિટીશ રાજ્યસત્તામાં સંસ્કૃતવિદ્યા વૃદ્ધિને પામતાં વિલાવા પામ્યો છે ખરો. છતાં હજુ અંધ શ્રદ્ધાળુઓનાં ટોળાં જેવાં જોઇએ તેવાં વિખરાયાં નથી. પણ અંતે **सत्यमेव जयते ॥**

શાસ્ત્રમર્યાદાપૂર્વક જીવનમુક્ત સદ્ગુરૂ સંતના સમાગમની ખોટને લીધે અધિકારી જનોની બુદ્ધિમાં પૂર્ણ આનંદસ્વરૂપ પરત્માનો પ્રકાશ દીસતો નથી. બુદ્ધિની શુદ્ધિમાં જેમનું તેમજ સિદ્ધજ છે. એમ પરમાત્માની સિદ્ધિમાં એકજ નિશ્ચય થતા સનાતન ધર્મ શિવાય અન્ય માર્ગ તે કીયો ? ? ભેદવાદીઓએ પોતપોતાના મતવ્યો ફેલાવી ભેદમાર્ગે ચઢાવ્યા, અને પોતાના મતવ્યોને સત્ય છે એમ શિખવીને સત્ય સનાતન ધર્મશ્રેણીને અન્ય માર્ગ કહી તે રસ્તે જનારાઓને અન્ય માર્ગીઓ કહ્યા. પણ પરમાત્માના સામ્રાજ્યમાં કોઇ અન્યમાર્ગી નથી. અન્ય માર્ગી કહેનારાજ અન્યમાર્ગી છે–સનાતન ધર્મમાં ભેદાભેદ નથી.

સનાતન ધર્મની સત્યશ્રેણી આચાર્ય પુરૂષ પૈકી શ્રીમદ્ મહેશ્વરપરાવતાર શ્રીમાન્ આદ્ય શંકરાચાર્ય શ્રીભગવદ્‌પુજ્યપાદ મહારાજેજ કાયમ રાખી પરમાત્માના ઐકય સ્વરૂપે પંચાયતનમાં અભેદ ઉપાસના સિદ્ધ સમજાવી છે. એ શિવાય તે પછી તમામ આચાર્યોએ ભેદબુદ્ધિથી આગ્રહી ઉપાસનાના મતવ્યો પ્રસિદ્ધ કર્યા અને પંચાયતન અભેદમર્યાદા તોડી.

પચાયતનમા પરબ્રહ્મ પરમાત્માથી જીવ પર્યંતની ગતીમા અભેદ સત્તા તે પરમાત્માનીજ છે. માત્ર કલ્પિત માયાની વિદ્યા અવિદ્યા રૂપી ગતીને' લીધે ભેદ જણાય છે. પણ તે વાસ્તવીક નથી. પંચાયતનની ભાવના ક્રમવાર અભેદ સ્વરૂપેજ સમજાવેલી છે.

મૂળ માયા–અવ્યક્ત કે જેને વેદશાસ્ત્રપુરાણોમાં પણ “બુદ્ધિ” નામથી પ્રસિદ્ધ કરી છે. એનેજ બીજા રૂપે બ્રાન્તિ, મીથ્યા, માયા, પ્રકૃતિ, પ્રધાન, અજા, બ્રહ્મશક્તિ, ઇત્યાદી નામો આપેલાં છે. તે અવ્યક્ત બુદ્ધિને વિદ્યા અવિદ્યા નામ પણ આપેલું છે. આ બુદ્ધિ પર્યંતના અનુભવમા પરમાત્માનાં પાચ પાદ સ્વરૂપ ક્રમવાર પદવાર ઉપાસનામા જેમ ગોઠવાયેલા છે તેમજ સૃષ્ટિક્રમમાં પણ પદ પદ વાર ક્રમ ક્રમવાર પંચકો ગોઠવાયેલાં છે. જેમ પંચાયતન ઉપાસનામાં “૧ **ગણેશ અથવા ગણપતિ, ૨ શિવ** ૩ **વિષ્ણુ** ૪ **સર્ય** ૫ **શક્તિ** અનુક્રમે છે. તેમજ સૃષ્ટિક્રમના પંચકોમાં

પણ અનુક્રમે પાંચભૂત ૧ આકાશ ૨ વાયુ ૩ અગ્નિ ૪ જળ ૫ પૃથિવ્ર છે, એમજ બીજાં સર્વ પંચકો પણ ક્રમ ક્રમવાર છે, આ નિશ્ચયથી જોવાને **પ્રણવદર્શન રહસ્ય** ” નામનો નકશો શ્રીગુરૂસ્થાનમાં તૈયાર છે-જોઇને ખાત્રી કરવી.

એમ બુદ્ધિના અનુભવમાંજ પંચાયતન સ્વરૂપ અભેદ પરમાત્માનો અનુભવ નિચે પ્રમાણે છે.

જે અધિષ્ઠાન સગુણબ્રહ્મસત્તામાં બુદ્ધિ પ્રકૃતિ સાગર- માં મળેલી નદીના સ્વરૂપે **પતિ** સ્વરૂપતાથી એટલે પર માત્માની સ્વતંત્ર સત્તામાં સમાયેલી રહે, એવી શ્રુતિઓના અર્થથી તે બુદ્ધિના પતિ અથવા વેદમાં જેને **पतिं पतीनां** **परमं पुरस्तात्** અથવા **प्रधान क्षेत्रज्ञ पतिर्गुणेश** । અથવા **यो बुद्धेः परतस्तुस** । એમ જે પરમાત્મામા બુદ્ધિ આદિ તમામ જગતનો લય જાય. એ **यतो वाचोनिवर्त्तंते इ०** શ્રુતિથી બુદ્ધિ વાણી મન સાથે લય જાય-એ પરમાત્માપર બ્રહ્મનું સગુણ નિર્ગુણ સમાનાત્મક સ્વરૂપ **गुणेश, गणपति ब्रह्मणस्पति** અથવા **बुद्धिपति, प्रियपति सिद्धिपति** આદિથી નિરંજન અને સર્વથી આદિ સ્વરૂપ હોઇ, આદિ પૂજન, આદિ ધ્યાન, આદ્યસ્મર્ણ વિગેરે વૈદિક સનાતન ધર્મમાં સિદ્ધજ છે, એ સગુણ નિર્ગુણ સમાનાત્મક પરબ્રહ્મ પરમા ત્માને ૐકાર સ્વરૂપ (ૐકારના આકાર સ્વરૂપ) શબ્દ બ્રહ્મ સ્વરૂપ, શબલ બ્રહ્મસ્વરૂપ, અધિષ્ઠાન બ્રહ્મસ્વરૂપ, ઉપાસ્ય

બ્રહ્મસ્વરૂપ પણ કહેવામાં આવે છે. આ સ્થાનમાં બુદ્ધિ પોતાના પતિરૂપ પરમાત્મામાં ગુપ્તજ છે. આ પરાત્પર પચમ પદ છે. અને તેને **सत्यं ज्ञानमनंतं ब्रह्म** શ્રુતિથી વર્ણવાય છે.

એથી કંઈક નીચેની ગતીમાં બુદ્ધિ અને તેના કાર્યને સાક્ષ રાખતાં જે પરમાત્માને સાક્ષી કહેવામાં આવે તે બુદ્ધિને આદિ લઇને અનંત કોટિ બ્રહ્માડનો પણ સાક્ષી ઉપરના પંચમ પદમાં સિદ્ધ સમજાતા ગણેશ નામાત્મક પરમાત્માજ શિવરૂપ કહેવાય છે–આ ચતુર્થ પદની શ્રુતિઓ **शिवं चतुर्थं तुरीयं मन्यन्ते स आत्मा विज्ञेयः ।** સ્વરૂપે વર્ણવે છે. અને તેને **"एकं मेवाद्वितीयं ब्रह्म"** પણ કહેવાય છે.

એથી કંઈક નીચેની બુદ્ધિની જડતામાં બુદ્ધિના આંતરમાં પ્રવેશ કરવાવડે તેજ ઉપર વર્ણવેલા પરમાત્માને અંતરયામી કહેવામાં આવે અને તે બુદ્ધિને આદ્ય લઇને અનંત કોટિ બ્રહ્માંડોમાં પણ અંતર્યામીપણાથી વ્યાપક ગણાય. તે પરમાત્મા પ્રવેશ થવાવડે તેમનેજ **વિષ્ણુ** કહેવાય છે. આ ત્રીજા પાદની વ્યાપક સ્વરૂપની શ્રુતિઓ **सर्वं खल्विदं ब्रह्म**થી વર્ણવે છે.

એથી કંઈક નિચેની બુદ્ધિની જડતામાં બુદ્ધિને ખુલ્લી રીતે જગતરૂપે સ્થિત રાખી ઉપર વર્ણવેલા પરમાત્મજ પ્રકાશકરૂપે વા પ્રેરકરૂપે સ્થિત રહી–ગાયત્રી મંત્રના ઉપદેશપૂર્વક પ્રકાશ કરતા થકા તે **સૂર્ય** કહેવાય છે અને તે વેદમાં **गायत्री**ના મંત્રથી સિદ્ધ છે. આ દ્વિતીયપાદ છે.

એથી કંઈક નીચે બુદ્ધિ પોતાની કલ્પિત મીથ્યા, જડ સ્થીતીરૂપ સ્વય દૃશ્ય સ્વરૂપે બ્રહ્મશક્તિ ઉપનામથી તેજ પરમાત્માની અધ્યસ્ત માયા સ્વસ્વરૂપે દર્શનરૂપ થાય. તેજ પ્રકૃતિ માંહેનો પ્રથમપાદ **शक्ति** સ્વરૂપે સિદ્ધ છે. અને તેને શ્રુતિઓ **अजांशुक्लां** રૂપે વર્ણવે છે. તથા કોઈ તેને **चिति जगदंब**', **माया** રૂપથી પણ વર્ણવે છે આ જીવથી બ્રહ્મ સ્વરૂપ તરફ જતાં પ્રથમ પાદ છે.

એમ પાંચપાદ રૂપ અનુક્રમે ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિ નામથી કહેવાતો છતો પણ પોતે તો એકજ અભેદ રૂપથી અસ્તિ પ્રમાણુ સિદ્ધ પરમાત્માજ છે. એમ વેદાન્તપર્યંત વ્યતિરેકાન્વય લક્ષણાના અભેદસ્વરૂપે વર્ણવતાં નિષ્કામ કર્મ ઉપાસના થાય છે અને સર્વરૂપે પરમ'ત્માને ઓળખે છે.

એમ પ્રકૃતિ (બુદ્ધિ) ના ચાર પાદ ૧ પ્રથમપાદ, ૨ દ્વિતીયપાદ, ૩ તૃતીયપાદ, અને ૪ ચતુર્થપાદ પ્રકૃતિમય હોવાથી તે ઉપાસ્ય નથી. પણ આ ચાર પાદસહ આ પ્રકૃતિ જેમાં તદરૂપતાને પામે એવા અધ્યસ્તના અધિષ્ઠાન સ્વરૂપ આ પંચમ પાદરૂપ સગુણ નિર્ગુણ સમાનાત્મક ગુણેશ વા ગણપતિ યાવત્ વેદ સનાતન ધર્મિજનોનું ઉપાસ્ય સિદ્ધ છે.

ચાર પાદ રૂપ જે **गण** અને તેનો જે **पति** તેજ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા **गणपति** છે. એમ શ્રુતિ પ્રમાણથી સિદ્ધ કરી શ્રીમદાચાર્ય પૂષ્પદન્તાચાર્યે આ ગણેશમહિમ્ન

રચ્યું છે, તે વૈદિક સનાતન ધર્મિ બંધુઓની તદરૂપાકાર વૃત્તિને સ્થિર કરવા માટે વેદાન્તની પરમ શ્રેણીરૂપ સત્ય પરમાત્માની ભક્તિની સિદ્ધિને મેળવવા તેના અર્થ સાથે પ્રસિદ્ધીમાં મુકયું છે.

શ્રીમદ્ ભગવાન ભાષ્યકારનો સિદ્ધાન્ત **मोक्ष कारण सामग्र्यां भक्तिरेव गरियसि । स्वस्वरूपानुसंधानं भक्ति रित्य भिधीयते ॥** ઉપાસના ભક્તિરૂપ બુદ્ધિ પ્રભુમા તલ્લિનતા ભોગવે છે. અને તેજ મોક્ષ છે. જેથી બ્રહ્મવિદ્યા જ્ઞાનના વિલાસી વેદાન્ત શાસ્ત્રરસના અનુભવી પરમ અધિકારી બધુઓએ—પરમ ભક્તિથી સેવવાયોગ્ય મહિમ્ન સ્તોત્રનું નિત્ય અધ્યયન કરવું ઉચીત ધારી, અભેદ પરમાત્માની ગુણ કોટી, ગુણેશ કોટી, અને નિર્ગુણ કોટીની સમતા સમજવા બધુઓની સેવા વિચારી છે તો હંસો યથા સારગ્રાહી થશો.

આ બધો વિષય જાણવા માટે જીવન્મુક્ત સદ્‌ગુરૂ સંત માહાત્મા પરમાત્માના સમાગમની અવશ્ય જરૂર છે, માટે વિશેષ ખુલાસા માટે સદ્‌ગુરૂ પરમાત્માનો સમાગમ કરવા અને સંશયોનું સમાધાન કરવા વિનતી ગુજારૂં છું.

શ્રી ગણપતિ મંદિર.
લુણાવાડા.
મીતી ૧૯૬૯ના કારતક સુદી ૨
તા ૧૦-૧૧-૧૨

આપનો
ભૂલેશ્વર જેષ્ઠારામ મેહેતા.
ના સવિનય પ્રણામ.

४५०२

ॐ श्री मन्महागणाधिपतये नमो नमः ॥१॥

॥ श्रीगणेश महिम्न स्तोत्र ॥

"ગુજરાતી ટિકા સહિત."

॥ अनिर्वाच्यं रूपं स्तवननिकरो यत्र गलित
॥ स्तथा वक्ष्ये स्तोत्रं प्रथमपुरुषस्यात्र महतः ।
॥ यतो जातं विश्वं स्थितमपि सदा यत्र विलयः
॥ स कीदृग्गीर्वाणः सुनिगमनुतः श्री गणपतिः ॥१॥

જેમનુ સ્વરૂપ [1]અનિર્વચનીય છે. તથા જે સ્વરૂપના વર્ણનમાં સ્તવનોનો સમુહ નિવર્ત્ત થાય છે. છતાં સ્તુતિ કરીશ. કે-આ સ્થાને તમારૂં મહતપણુ પ્રથમ પુરૂષપણા વડે કરીને સૂચન રૂપ છે. કે જેને વિષે આ [2]વિશ્વ ઉત્પત્તિને

---

१ यतो वाचो निवर्त्तन्ते । अप्राप्य मनसासह । आनन्दं ब्रह्मणो विद्वान् । नबिभेति कदाचनेति ॥

જેનુ વર્ણન કરતા મન સહવાણી નિર્વાણ પામે છે. એવા આનંદ સ્વરૂપ પરબ્રહ્મને જાણીને કદાપિ ભય નથી.

२ त्वमेव केवलं कर्त्तासि । त्वमेव केवलं धर्त्तासि । त्वमेव केवलं हर्त्तासि ।

પામેલું છે. તેમ તેને વિષેજ સ્થિત છે. તથા તેને વિષેજ સદાએ આ જગત વિલયરૂપ છે. એવો એક પરમાત્મા શ્રી ગણુપતિ દેવ છે કે જેની સ્તુતિ વેદોએ કરેલી છે. (૧)

॥ गणेशं गाणेशाः शिवमिति च शैवाश्च विबुधा
॥ रविं सौरा विष्णुं प्रथम पुरुषं विष्णु भजकाः ।
॥ वदन्त्येके शाक्ता जगदुदयमूलां पराशिवां
॥ न जाने किं तस्मै नम इति परब्रह्म सकलम् ॥२॥

શ્રી ગણુપતિ નામથી ઉપાસના કરવાવાળા પુરૂષો જેને ગણેશ કહે છે. તેમ શિવ નામથી ઉપાસના કરવાવાળા પંડિત પુરૂષો જેને શિવ કહે છે. તથા સૂર્ય નામથી ઉપાસના કરવાવાળા પુરૂષો જેને રવિ કહે છે. તથા વિષ્ણુ નામથી ઉપાસના કરવાવાળા પુરૂષો જેમને પ્રથમ પુરૂષ વિષ્ણુ કહીને સ્તવે છે. તેમજ શક્તિ નામથી ઉપાસના કરવાવાળાઓ જગતના ઉદયનું મૂળ સ્વરૂપ પરાબા કહી સ્તવે છે. છતાં સમગ્રતા સ્વરૂપે એવા જે પરબ્રહ્મ સ્વરૂપ શ્રી મહાગણુપતિ તેમને એ સર્વે જાણુતા નથી એવા પ્રભુને નમસ્કાર છે. (૨)

॥ तथेशं योगज्ञा गणपतिमिमं कर्म निखिलं
॥ समीमांसा वेदान्तिन इति परब्रह्म सकलम् ।
॥ अजां सांख्यो ब्रूते सकलगुणरूपां च सततं
॥ प्रकर्त्तारंन्यायास्त्वथ जगति बौद्धा धियमिति ॥३॥

ચોગશાસ્ત્રને જાણુવાવાળા જેમને ગણુપતિ નામથી સ્તવે છે. તથા પૂર્વ મિમાંસા જાણુવાવાળા જેમને સમગ્રતાથી કર્મ રૂપે સ્તવે છે, તથા ઉત્તર મીમાંસા જાણુવાવાળાઓ જેમને સકલસ્વરૂપે પરબ્રહ્મ કહી સ્તવે છે. તેમ સાંખ્યશાસ્ત્ર જાણુવાવાળાઓ જેમને સકલ ગુણુરૂપ "અજા" એમ કહે છે. તેમજ ન્યાયશાસ્ત્રના જાણુવાવાળા જેમને જગતના કર્ત્તા સ્વરૂપે વર્ણુવે છે. તેમ બોધ મતને અંગીકાર કરવાવાળાઓ જેમને બુદ્ધિ સ્વરૂપે સ્તવે છે. (૩)

॥ कथं ज्ञेयां बुद्धेः परतरमिमं बाह्यसरणि
॥ र्यथा धीर्यस्य स्यान्मम तदनुरूपो गणपतिः ।
॥ महत्कृत्यं तस्य स्वयमपि महान् सूक्ष्ममणुवद्
॥ ध्वनि र्ज्योतिर्बिन्दु र्गगन सदृशः किं च सदसत् ॥४॥

આમ છતાં [૧]બુદ્ધિ થકી પરતર સ્વરૂપ છે તે જેમનુ તે કેવી રીતે જાણુવું જોઇએ ? ? તો આ બાહ્યગમન કરવાવાળી જે પ્રકારે જેની બુદ્ધિ હોય તેજ સ્વરૂપે મારા તે ગણુપતિજ છે. અર્થાત્ જેની બુદ્ધિ જે શાસ્ત્રદ્વારાએ જે સ્વરૂપે વા નામે તે પરમાત્માને સ્તવે તે રૂપે પણુ આ પર-

---

૧ अव्यक्तात्पुरुष पर । તે પુરૂષ રૂપ પરમાત્મા અવ્યક્ત (બુદ્ધિ)થી પર છે. તથા यो बुद्धेःपरतस्तुस । તે પરમાત્મા બુદ્ધિથી પર છે.

બ્રહ્મ સ્વરૂપ શ્રી મહાગણપતિનેજ સ્તવે છે તેમનાં કૃત્ય પણ મહાન્ છે. અને પોતે પણ મહાન્ છે. તેમ તેમનુ કૃત્ય સુક્ષ્મ છે એમ કહો તો પોતે પણ અણુરૂપ છે. તેમજ ધ્વની રૂપે, જ્યોતિ રૂપે, બિંદુ સ્વરૂપે, આકાશ રૂપે તથા સત્ અને અસત્ એટલે કારણ અને કાર્ય સ્વરૂપે પણ પોતે પણ તેવાજ છે.

॥ अनेकास्योपाराक्षिकरचरणोनन्तहृदय
॥ स्तथा नानारूपो विविध वदनः श्री गणपतिः ।
॥ अनन्ताह्वः शक्त्या विविध गुणकर्मैक समये
॥ त्वसंख्यातानन्ता भिमत फलदोऽनेक विषये ॥९॥

જેમનાં અનંત મુખ છે. અપાર આંખો, હાથ અને ચરણ છે. અનંત હૃદય છે. તથા નાના નાના પ્રકારના રૂપો વડે પણ તે મહાગણપતિનુ વિવિધ પ્રકારે કથન છે. તે પોતાની શક્તિવડે કરીને અનંત નામવાળા છે. તેમ અનેક પ્રસંગે નાના પ્રકારના ગુણ કર્મવાળા છે. તેમજ અનેક વિષયોમા અસંખ્ય અને અનત ઇચ્છીત ફળને આપવાવાળા છે.

॥ [1]नयस्यान्तो मध्यो न च सुगम एवं सुमहता

---

१ अखिलो पाधि विनिमुक्त मनाद्यंतं शुद्धं शान्तं निर्गुणं निरवयवं नित्यानंदमखण्डैकरसमाद्वितीयं चैतन्यं ब्रह्म ॥

॥ मलिप्तः कृत्वेत्थं सकलमपि यो वेत्ति च पृथक् ।
॥ स्मृतः संस्मर्तॄणां सकल हृदयस्थः प्रियकरो
॥ नमस्तस्मै देवाय च सकलवंद्याय महते ॥ ६ ॥

જેમનો અંત નથી, તેમ જેમનું મધ્ય પણ નથી, એમ જેમની મહત્તાને વરણવવી સુગમ નથી. અથવા જેમનું સ્વરૂપ મોટા પુરૂષોને પણ સુગમ નથી, તેમ સકલ જગતની ઉત્પત્તિ કર્ત્તા છતાં અને પોતાને પ્રથક્ જાણતા છતા પોતે તો અલિપ્તજ છે, એવા સકલના હૃદયમાં સ્થિત પરમાત્મા (ગણેશ)નું જે સ્મર્ણુ કરે છે, તેવા ભક્તજનોનું તે હમેશા પ્રિયકર્ત્તા છે, એવા સમગ્રને વદન કરવા યોગ્ય શ્રી મહા ગણપતિને નમસ્કાર છે.

॥ गणेशाद्यं बीजं दहन वनिता पल्लवयुतं
॥ मनुश्चैकार्णोयं प्रणव सहितोऽभीष्ट फलदः ।
॥ सबिन्दुश्चांगाद्यो गणक ऋषि छंदोस्य च निचृद्
॥ तदेव प्राग्बीजं त्रियदपि च शक्तिर्जपकृताम् ॥ ७ ॥

" ગણેશ " આ સ્વરૂપમાં આદિ અક્ષર જે "ग" છે તે બીજ છે, એવો પ્રણવ એટલે ૐકાર સહિત એકાક્ષર મહામંત્ર સ્વાહાપલ્લવયુક્ત અભિષ્ટ ફળને આપવાવાળો છે, ગણેશમાં આદિ અગ (ग) તે બિંદુયુક્ત (गं) છે, તે મહામંત્રના ઋષિગણક છે, તેનો છંદ નિચૃદ છે, એમ તે મહા-

મંત્રનો જપ કરનારાઓને તે બીજ (गं) નામાત્મક શક્તિ પૂર્ણ બ્રહ્મ છે.

॥ गकारो हेरम्बः सगुण इति पुन्निर्गुणमयो

॥ द्विधाप्येकोजातो प्रकृति पुरुषौ ब्रह्म हि गणः ।

॥ सचेशश्चोत्पत्तिः स्थितिलयकरोयं प्रथमको

॥ यतो भूतं भव्यं भवति पतिरीशो गणपतिः ॥ ८ ॥

આ ઉપર વર્ણવેલા આદ્ય (गं) બીજરૂપી **गकार** તેજ સાક્ષાત્ હેરમ્બ છે. તે સગુણ છતા પણ નિર્ગુણમય છે. તે પરબ્રહ્મજ [1]પ્રકૃતિ અને પુરૂષ એમ દ્વિધા " **ગણ** " રૂપે કહેવાતા છતાં પોતે તો એકજ છે. તેજ આ " ગણ "ના " ઈશ " (ગણેશ) સકળ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને પ્રલયના કરવાવાળા છે. તેજ કામેશ્વર છે. એમ તેજ "ગણેશ્વર" ભૂત, વર્ત્તમાન, અને ભવિષ્યના "**પતિ**" સ્વરૂપે " **गणानां पति** " ગણપતિ છે.

॥ गकारः कण्ठोर्ध्वे गजमुखसमो मर्त्यसदृशो

॥ णकारः कण्ठाधो जठरसदृशाकार इति च ॥

॥ अधोभागः कटया श्चरण इति ह्रीशोऽस्यचतनु ॥

॥ विभातीत्थं नाम त्रिभुवन समं भूर्भुवस्सुवः ॥ ९ ॥

---

१ **प्रकृतेः पुरुषात्परम्** ॥ તે પરમાત્મા પ્રકૃતિ પુરૂષથી " **પર** " છે.

ઉપર પ્રમાણે હેરમ્બ નામાત્મક સગુણનિર્ગુણ સમાનાત્મક " ગણેશ " પરમાત્મા સ્વરૂપના કંઠનો ઊર્ધ્વ ભાગ (ગણેશ શબ્દમાંનો) **ग** કાર છે. અને તે [1]હાથીના મુખ સમાન છે. તેમ કંઠના નિચેનો (ગણેશ શબ્દમાંનો) **ण** કાર તે મનુષ્ય શરીરના જઠરસદૃશાકાર છે. કટીથી નીચેનો ભાગ જે ચર્ણ છે તે (ગણેશ) શબ્દમાંનો **इश** છે. એ પ્રકારે **ग. ण.** અને **इश** એટલે " **ગણેશ** " નું શરીર અને નામ ભૂર્લોક ભૂવર્લોક અને સ્વર્ગલોક એમ ત્રિભૂવન સમાન પ્રકાશે છે. અર્થાત્ **घृतपद्म** માંના કમળરૂપ શરીરની કલ્પના પણ ઘૃતરૂપ બ્રહ્મજ છે. એટલે કમળ દેખાય પણ ઘીજ છે.

॥ गणेशेति त्र्यर्णात्मकमपि वरं नाम सुखदं
॥ सकृत् प्रोच्चै रुच्चारितमिति नृभिः पावनकरम् ॥
॥ गणेशस्यैकस्य प्रतिजपकरस्यास्य सुकृतं
॥ न विज्ञातो नाम्नः सकलमहिमा कीदृशाविधः ॥१०॥

એ પ્રકારે ત્રણ અક્ષરનું " **गणेश** " એવું નામ શ્રેષ્ટ સુખને આપવાવાળું છે. એ નામ એક વખત ઉચ્ચ

---

1 **ॐकाररूपी भगवान् योवेदादौ प्रतिष्ठितः ॥** તે પરમાત્માનું રૂપ ૐકારના આકાર સમાન સાક્ષાત્ ૐકાર રૂપજ છે કે જે વેદમત્રના આદિમાં સ્થીત છે. તથા **ततश्चोमिति ध्वनीरभूत सवै गजाकारः । श्रुते ।**

સ્વરથી ઉચ્ચારતાં મનુષ્યોને પાવનકર્ત્તા છે. માત્ર એક એવા **ગણેશ** નામનો વારવાર જપ કરનાર પુરૂષનું સુકૃત (શ્રેષ્ઠ ફળ) જાણી શકાય તેમ નથી, અર્થાત્ અપાર છે તો જે નામનો સકલ મહિમા કેવો છે તે જાણવો અશક્યજ છે. ૧૦

॥ गणेशेत्याव्हांयः प्रवदाति मुहुस्तस्य पुरतः
॥ प्रपश्यं स्तद्वक्त्रं स्वयमपि गणास्तिष्ठति तदा ॥
॥ स्वरूपस्य ज्ञानं त्वमुक इति नाम्नाऽस्य भवाति
॥ प्रबोधः सुप्तस्य त्वाखिलमिह सामर्थ्यममुना ॥ ११ ॥

જે પુરૂષ "**ગણેશ**" એ નામથી વાણીવડે વારંવાર સ્મર્ણ કરે છે. અને આગળ "ગણેશ"નું મુખાર્વિંદ જુએ છે. તો તે શ્રી મહા ગણપતિના સ્વયમેવ **ગણ** રૂપ થઈને રહે છે. એમ "ગણેશ" એવું નામ—તથા "ગણેશ" એવા સ્વરૂપનું જ્ઞાન થતાં સુષુપ્તિરૂપ અજ્ઞાનથી પ્રબોધરૂપ જાગૃતી થાય છે. આ જ્ઞાન જાગૃતી તે માત્ર શ્રી ગણેશ પરમાત્માનું અખીલ સામર્થ્યજ છે. (૧૧)

॥ गणेशो विश्वास्मिन् स्थित इह च विश्वं गणपतौ
॥ गणेशो यत्रास्ते धृतिमानिरथैश्वर्यमखिलम् ।
॥ समुक्तं नामैकं गणपतिरिदं मंगलमयं
॥ तदेकास्ये दृष्टे सकल विबुधास्ते क्षणसमम् ॥ १२ ॥

આ " ગણેશ " જ વિશ્વરૂપ સ્થિત છે. અને શ્રી ગણેશને વિષે વિશ્વ રહેલું છે. જ્યા ગણેશ છે ત્યાં ધૈર્યતા, બુદ્ધિ, અને ઐશ્વર્ય પણ છે. આ " ગણેશ " એવું એક નામ રૂડા પ્રકારે કહેવાયું હોય તો મંગલમય છે. તે મહા ગણપતિનું માત્ર એકજવાર મુખ જોવાથી સકલ દેવતાઓનુ મહત્વ યત્કિંચીત્ છે. અર્થાત્ શ્રી ગણેશ મુખના મહત્વ આગળ દેવતાઓનુ મહત્વ કંઇપણ નથી.

॥ बहु क्लेशै र्व्याप्तः स्मरति च गणेशं स्वहृदये
॥ क्षणात् क्लेशान्मुक्तो भवति सहसात्यभ्रचयवत् ॥
॥ वने विद्यारंभे युधि रिपुभये कुत्र गमने
॥ प्रवेशे प्राणान्ते गणपतिपदं चाशु विशति ॥ १३ ॥

અનેક પ્રકારના સંસારના કલેશોવડે આચ્છાદીત થએલા પુરૂષો માત્ર ગણેશનુ સ્મર્ણજ પોતાના હૃદયમા કરે છે. તો ક્ષણમાત્રમાં તે પુરૂષ અકસ્માત વાદળાં વિખરાય તેમ અનેક કલેશોમાંથી મુક્ત થાય છે.–વનમાં જતાં, વિદ્યાનો આરંભ કરતાં, યુદ્ધમાં જતાં, શત્રુના ભયમાં, ક્યાંયે પણ જતાં, અને ક્યાયે પણ પ્રવેશ કરતાં, તથા પ્રાણાંત સમયમાં જે મનુષ્યો 'ગણેશ' એવું નામ સ્મર્ણ કરે છે તે સત્વર મહા ગણપતિના (સ્વાનંદ) પદને પામે છે. (૧૩)

॥ गणाध्यक्षो ज्येष्ठः कपिलइतरो मंगलनिधि
॥ दयालु हेरम्बो वरद इति चिन्तामणिरजः ॥
॥ वरानीशो ढुंढि गजवदन नामा शिवसुतो
॥ मयुरेशो गौरितनय इति नामानि पठति ॥ १४ ॥

તે શ્રીમહાગણુપતિનાં ગણુાધ્યક્ષ, જેષ્ટરાજ, કપિલ, મંગલનિધિ, દયાળુ હેરમ્બ, વરદરાજ, ચિન્તામણી, અજ, વરાનિશ, ઢુંઢીરાજ, ગજવદન, શિવસુત, મયુરેશ્વર, ગૌરીતનય, ઇત્યાદી નામો ભણે છે તે મહા ગણુપતિના પરમપદ (સ્વાનંદ) ને પામે છે. (૧૪)

॥ महेशोयं विष्णुः स कविरविरिन्दुः कमलजः
॥ क्षितिस्तोयं वन्हिः श्वसन इति खं त्वद्रिरुदाधिः ।
॥ कुजः सौरीः शक्रो गुरुरुडुबुधोगुश्च धनदो
॥ यमः पाशीकाव्य त्वखिलगुणरूपो गणपतिः ॥१५॥

*મહેશ (કૈલાસવાસી શંકર-ઈશ્વર) રૂપ પણ પોતેજ

---

* स ब्रह्मा स शिवः सेन्द्रः सोऽक्षरः
परमः स्वराट् सएव विष्णु
स प्राणः स आत्मा परमेश्वरः
स कालाग्नि स चन्द्रमाः ॥ श्रुति

ઇત્યાદી શ્રુતિઓ પરમાત્માના અભેદ એક સ્વરૂપને પ્રતિપાદન કરે છે.

છે. વિષ્ણુરૂપ પણ પોતેજ છે. કવિરૂપ પણ પોતેજ છે. સૂર્યરૂપ પણ પોતેજ છે. ચન્દ્રરૂપ પણ પોતેજ છે. બ્રહ્મારૂપ પણ પોતેજ છે. પૃથ્વીરૂપ પણ પોતેજ છે. જળરૂપ પણ પોતેજ છે. અગ્નિરૂપ, વાયુરૂપ, અને આકાશરૂપ પણ પોતેજ છે. પર્વતરૂપ, સમુદ્રરૂપ, મંગળરૂપ, શનીરૂપ, ઇન્દ્રરૂપ, બ્રહસ્પતિરૂપ, નક્ષત્રરૂપ, બુધરૂપ, રાહુરૂપ, કુબેરરૂપ, યમરૂપ, વરૂણરૂપ તથા શુક્રરૂપ ઇત્યાદી અખીલ ગુણ અને રૂપરૂપે પણ આ શ્રીમહાગણપતિજ છે. (૧૫)

॥ मुखं वन्हिः पादौ हरिरपि विधाता प्रजननं
॥ रविर्नेत्रे चन्द्रो हृदयमपि कामोस्य मदनः ॥
॥ कराः शक्रः कट्यौ रविनिकरवत् भाति दशनं
॥ गणेशस्यासन्वै क्रतुमयवपुश्चैव सकलम् ॥ १६ ॥

તે શ્રીમહાગણપતિનું મુખ તે અગ્નિ છે, બન્ને ચરણો તે વિષ્ણુ છે. ઉપસ્થેન્દ્રિય તે બ્રહ્મા છે, નેત્રો તે સૂર્ય છે, હૃદય તે ચન્દ્ર છે, ભોગ તે મદન (કામદેવ) છે, હાથ તે ઇન્દ્ર છે, કટી પણ તેજ છે, અને સૂર્ય કીરણ સરખા દાંત છે. એવી રીતે ગણેશનું સઘળું શરીર દેવમયજ છે. (૧૬)

॥ अनर्घालङ्कारैररुणवसने र्भूषिततनुः
॥ करीन्द्रास्यः सिंहासन गतपदोलंकृतकरः ॥

॥ स्मितास्य स्तनूमध्येप्युदितरविबिम्बोपमरुचिः
॥ स्थिता सिद्धिर्वामे मतिरितरगा चामरकरा ॥१७॥

જેમના વામ (ડાબા) ભાગમા સિદ્ધિ સ્થીત છે અને જમણી બાજુએ હાથમાં ચામર લઇને બુદ્ધિ સ્થીત છે. એમ ઉભયના મધ્યમા અમુલ્ય અલકાર તથા રક્ત વસ્ત્રવડે ભૂષિત છે દેહ તે જેમનો, તથા હાથીના સરખા મુખવાળા, તથા સિહાસનમા શોભતા ચર્ણ છે તે જેમના, તથા આભૂષણયુક્ત હાથવાળા, તથા હાસ્યયુક્ત મુખવાળા એવા ઉદય પામતા સૂર્યના બિમ્બની ઉપમા સમાન કાન્તિ છે તે જેમની એવા શ્રીમહાગણપતિ છે. (૧૭)

॥ समन्तात्तस्यासन्प्रवरमुनिसिद्धाः सुरगणाः
॥ प्रशंसन्तीत्यग्रे विविधनुतिभिः सांजलिपुटाः ॥
॥ बिडौजाद्यैर्ब्रह्मादिभिरनुवृतो भक्तनिकरै
॥ गणक्रीडामोद प्रमुदविकटाद्यैः सहचरैः ॥ १८ ॥

પોતાની ચોબાજુએ બીરાજેલા શ્રેષ્ટ એવા મુનીલોકો, સિદ્ધલોકો, તથા દેવના સમુહો હાથ જોડીને જેમની સદા સ્તુતિ કરે છે. તથા આગળના ભાગમા જુદા જુદા પ્રકારનાં સ્તવનો વડે બેઉ હાથ જોડીને જેમની સ્તુતિ કરે છે. એવા ઈન્દ્રાદિક બ્રહ્માદિકવડે કરીને વિટાયલા તથા મોદ, પ્રમોદ, અને વિકટને આધ લઇને ગણોરૂપ અનેક ભક્તોના સમુહોવડે

કરીને વિંટાયલા એવા આ શ્રીમહાગણપતિ છે. (૧૮)

॥ वशित्वाद्यष्टाष्टादशदिगखिलालोलतनुवाग्
॥ धृतिः पादुःखड्गो जनरसबलाः सिद्धय इमाः ॥
॥ सदा पृष्ठे तिष्ठन्त्यनिमिषदृशस्तन्मुखलया
॥ गणेशं सेवन्तेप्यतिनिकट सूपायनकराः ॥ १९ ॥

વશિત્વને આદ્ય લઇને આઠ- અને બીજી અષ્ટાદશ તથા સુશોભિત અબીલ મનોહર તનુ છે તે જેમનું એવી વાણી, ધૃતિ, પાદુ, ખડ્ગ, જન રસબલ ઇત્યાદિ દશ પ્રકારની સિદ્ધિઓ સદાએ જેમની પાછળ રહેલી છે. તત્ સ્વરૂપાત્મક (સ્વસ્વરૂપ) સ્થિતીને માટે જેમનાં નિમિષ મિચાતા નથી. એવી અખંડ દૃષ્ટિવાળા અતિ નિકટ છે ભેટ સામગ્રી તે જેઓના હાથમાં તથા ગણેશના મુખમા લીન થતા એવા સર્વ દેવતાઓ તે સિદ્ધિપતિ (ગણેશ) પરમાત્માને સેવે છે. (૧૯)

॥ मृगाङ्का स्यारंभाप्रभृतिगणिका यस्य पुरतः
॥ सु संगीतं कुर्वन्त्यपि कुतुकगंधर्वसहिताः ॥
॥ मुदःपारो नात्रेत्यनुपममदे गौर्विगलिता
॥ स्थिरं जातं चित्तं चरणमवलोक्यास्य विमलम् ॥२०॥

જેમની આગળ ચન્દ્રમાના સરખા મુખવાળી રંભાને આદ્ય લઇને અપ્સરાઓ, અને કુતુક ગંધર્વો સુંદર સંગીત

કરી રહ્યાં છે. જ્યાં હર્ષનો પાર નથી. આવા અનુપમ મદમાં વાણી પણ ગલીત થાય છે. અને જેમના વિમલ ચર્ણનાં દર્શન કરતે કરતે તેઓનુ ચીત પણ સ્થીર થઈ જાય છે. ૨૦

॥ हरेणायं ध्यातस्त्रिपुरमथने चासुरवधे
॥ गणेशः पार्वत्या बलिविजयकालेपि हरिणा ॥
॥ विधात्रा संस्रष्ट्रा उरगपतिना क्षोणिधरणे
॥ नरैः सिन्धौ मुक्तौ त्रिभूवनजये पुष्पधनुषा ॥२१॥

ત્રિપુરાસુરને મારવા માટે મહાદેવજીએ શ્રીમહાગણુપતિનુ ધ્યાન કર્યુ હતું. તેમ અનેક અસુરોને મારવા માટે પાર્વતીજીએ શ્રીમહાગણુપતિનુ ધ્યાન કર્યુ હતું. તેમજ બલિ રાજાને જીતવા માટે શ્રીવિષ્ણુએ પણ મહા ગણુપતિનુ ધ્યાન કરેલું હતું. તેમ જગત સર્જવા માટે બ્રહ્માજીએ પણ શ્રીમહા ગણુપતિનુ ધ્યાન કર્યુ હતું. તેમ પૃથ્વી પોતાના માથા ઉપર ધારણુ કરવાની શક્તિને પ્રાપ્ત કરવા શેષ નારાયણે શ્રીમહાગણુપતિનુ ધ્યાન કર્યુ હતું. તથા કામદેવે ત્રિભૂવનનો વિજય કરવાને શ્રીમહાગણુપતિનુ ધ્યાન કર્યુ હતું. તેમ માણસોએ પણ આ સસાર સાગરમાંથી મુક્ત થવા માટે શ્રીમહાગણુપતિનુ ધ્યાન કરેલું છે.

॥ अयं सुप्रासादे सुर इव निजानन्दभवने
॥ महान् श्रीमानाढ्यो लघुतरगृहे रंकसदृशः ।

॥ शिव द्वारे द्वाःस्थो नृप इव सदा भूपतिगृहे
॥ स्थितो भूत्वोमाङ्के शिशुगणपतिर्लालनपरः ॥ २२ ॥

આ શ્રી મહા ગણપતિ સુંદર સ્થાન રૂપી નિજાનંદ (**स्वानंद**) ભૂવનમાં દેવરૂપે વિરાજમાન છે. એવા મહાન્ શ્રીમાન અને આદ્ય શ્રી મહાગણપતિ છે. છતાં પણ તુચ્છ ગૃહોમાં રંકસ્વરૂપે રહે છે. તેમ શિવદ્વારમાં દ્વારને વિષે સ્થિત થયેલા છે. તેમ રાજ્યગૃહમાં નૃપતિરૂપ થઇને રહેલા છે. અને પાર્વતીના ખોળામાં પ્રેમ લાડથી ખેલતા બાળકરૂપે ગણેશ રહેલા છે. (૨૨)

॥ अमुष्मिन्संतुष्टे गजवदन एकाकिनि बुधे
॥ ततस्ते संतुष्टास्त्रिभुवनगताः स्युर्बुधगणाः ।
॥ दयालुर्हेरम्बो न च भवति यस्मिंश्च पुरुषे
॥ वृथा सर्वं तस्य प्रजननमतः सान्द्रतमसि ॥ २३ ॥

આ એક એવા હાથીના સરખા વદનવાળા શ્રી મહા ગણપતિ દેવ સંતુષ્ટ થયાથી ત્રિભુવનને પ્રાપ્ત થયેલા બ્રહ્મા વિષ્ણુ રૂદ્રાદી દેવગણો સંતુષ્ટજ થયા જાણવા. પરમકૃપાળુ એવા શ્રી હેરમ્બ જે પુરૂષના ઉપર રૂડા પ્રકારે પ્રસંન્ન થયા નથી. તે પુરૂષનો અવતાર ઘાઢ અંધકાર રૂપ કેવળ વૃથાજ છે. (૨૩)

॥ वरेण्यो भ्रूपुण्डि भृगुगुरुकुजामुद्गल मुखा
॥ ह्यपारा स्तद्भक्ता जपहवनपूजास्तुतिपराः ॥
॥ गणेशोयं भक्ताप्रिय इति च सर्वत्र गदितं
॥ विभक्तिर्यत्रास्ते स्वयमपि सदा तिष्ठति गणः ॥२४॥

આ શ્રી મહાગણપતિના અપાર ભક્તો પૈકી વરેણ્ય, ભ્રૂશુંડી ભૃગુ, ગુરૂ, મંગળ, અને મુદ્દગલને આધ લઇને જપ, હવન, પુજા, સ્તુતિને વિષે તત્પર એવા અસંખ્ય ભક્તો છે. આ શ્રી ગણેશ પોતાના ભક્તોનું પ્રિયજ કરવાવાળા છે એમ સર્વત્ર પ્રસિદ્ધજ છે. જેના હૃદયમા વિશેષપણે પરમાત્માની ભક્તિ સ્થિત થયેલી છે. ત્યા પોતેજ સદા સર્વદા ગણરૂપે વિરાજમાન રહે છે (૨૪)

॥ मृदः काश्चिद्धातोश्छदविलिखिता वापि दृषदः
॥ स्मृता व्याजान्मूर्त्तिः पथि यदि बहिर्येन सहसा ॥
॥ अशुद्धोद्धा दृष्टा प्रवदति तदाऽह्वं गणपतेः
॥ श्रुतः शुद्धो मर्त्यो भवति दुरिता द्विस्मय इति ॥२५॥

જેણે મૃતિકાની, ધાતુની, પત્રમાં આલેખેલી, અથવા પાષાણની મૂર્તિ કોઇપણ મીશ (સંજ્ઞા)થી માર્ગમાં કે બહાર એકદમ સ્મર્ણ કરી હોય વા જોઇ હોય તો તેપુરૂષ નિશ્ચયથી અશુદ્ધ હોય તો પણ શુદ્ધ થાય છે. વા "ગણપતિ"ના હર-

કોઇ નામને વાણી વડે બોલે છે. તોપણ અશુદ્ધ માણસ શુદ્ધ થાય છે. એમ " ગણપતિ " ના ઊચ્ચારણ કરેલા તે નામને સાંભળનારો પુરૂષ પણ પાપ થકી મુક્ત થાય છે એ મોટું આશ્ચર્ય છે (૨૫)

॥ बहिर्द्वारस्योर्ध्वं गजवदनवर्ष्म प्रतनु वा
॥ प्रशस्तं वा कृत्वा विविधकुशलैस्तत्र निहितम् ॥
॥ प्रभावात्तन्मूर्त्या भवति सदनं मंगलमयं
॥ विलोक्यानन्दाढ्यो भवति जगतो विस्मय इति ॥२६॥

પોતાના રહેવાના મકાનના બાહેર દ્વારના ઊર્દ્ધભાગને વિષે વિવિધ પ્રકારની કુશળતાવડે કરીને યુક્ત એવા પુરૂષોએ હાથીના મુખવાળા શ્રીમહાગણપતિની અતિ શ્રેષ્ટમૂર્તિ આલેખી હોય તો તે મૂર્તિના પ્રભાવવડે કરીને તે ઘર મંગલમય જોવાતાં આનંદને પ્રાપ્ત થવાય છે. એજ આ જગતને વિષે આશ્ચર્યરૂપ છે. (૨૬)

॥ सिते भाद्रे मासे प्रतिशरदि मध्यान्हसमये
॥ मृदो मूर्त्तिं कृत्वा गणपति तिथा ढुण्ढि सदृशीम् ।
॥ समर्च्यन्त्युत्साहः प्रभवति महान् सर्वसदने
॥ विलोक्यानन्दन्ते प्रभवति नृणां विस्मय इति ॥२७॥

શરદ ઋતુમાં ભાદ્રપદ માસની શુકલ પક્ષની ચતુર્થિ

(ગણેશ જયન્તિ)ને દિવસે મધ્યાન્હ સમયે મૃતિકાની ઢુંઢીરાજ વિનાયકના જેવી મૂર્તિ (ઊભીમૂર્તિ) કરીને તેનુ સર્વ માણસો પોતાના ગૃહોમા મહાન્ ઉત્સાહપૂર્વક પૂજન કરે છે. આ સમયના પૂજક માણસોના આનદને જોઇને આશ્ચર્યજ પમાય છે. (૨૭)

॥ तथा ह्येकः श्लोको वरयति महिम्नो गणपतेः
॥ कथं सश्लोकेऽस्मिन् स्तुत इति भवेत्संप्रपठिते ॥
॥ स्मृतं नामास्यैकं सकृदिदमनन्ताह्वयसमं
॥ यतोऽस्यैकस्य स्तवनसदृशं नान्यदपरम् ॥ २८ ॥

એવા પ્રકારે આ મહિમ્નનો એક પણ શ્લોક શ્રીમહા ગણપતિથી વરદાનને પ્રાપ્ત કરતા છે. કેમકે તે શ્રી મહાગણપતિ આ શ્લોકોવડે સ્તુતિ કરાયા એવા અને ઉચ્ચારિત કરેલા એવા ઉપર પ્રમાણેના ફળને આપવાવાળાજ છે. આ શ્રી મહાગણપતિનુ એક માત્ર નામજ એકજ વેળા સ્મર્ણ કરતે છતે અનેક વેળા નામ સ્મર્ણ કર્યા સમાન થાય છે. જે માટે એક એવા શ્રી " **ગણેશ** " જે તેમના સ્તવનની બરાબર અન્ય સ્તવન નથી. (૨૮)

॥ गज वदन विभो यद्वर्णितं वैभवं ते
॥ त्विह जनुषि ममेत्थं चारु तद्दर्शयाशु ॥

॥ त्वमसि च करुणायाः सागरः कृत्स्नदाता
॥ त्वयि नवभृतकोहं सर्वदा चिन्तकोस्मि ॥ २९ ॥

હે હસ્તિના સરખા મુખવાળા વ્યાપક પરમાત્મન્ !!! તમારા આ જે વૈભવનું વર્ણન થયું તે મારા આ જન્મને વિષે શિઘ્રતાથી સુંદર સ્વરૂપે દેખાડશો, હે પ્રભુ !!! તમે કરૂણાના સાગર છો. તેમ સમગ્ર સિદ્ધિના દાતા છો. હું તો તમારો ચાકર છું. અને સર્વદા તમારૂંજ ચિંતવન કરૂં છું. (૨૯)

॥ सुस्तोत्रं पठतु तवैतदेव नित्यं
॥ आनन्दं प्रति गमने त्वयं सुमार्गः ।
॥ संचिन्त्य स्वमनसि तत्पदारविन्दं
॥ संस्थाप्य स्तवनफलं नतीःकरिष्ये ॥ ३० ॥

હે મહાગણપતિ !!! આ તમારો મહિમ્ન સ્તોત્રનો હમેશાં જે માણસ પાઠ કરે છે. તો તેને આનંદ (સ્વાનંદલોક) ની પ્રાપ્તિને માટે આ (એકજ) સુમાર્ગ છે. માટે હે પ્રભુ !! તમારા ચરણારવિંદને મારા પોતાના સ્વહૃદયમાં સ્થાપન કરી સ્તવન ફળનું ચિંતવન કરતો તમને નમસ્કાર કરીશ (૩૦)

॥ गणेश देवस्य महिम्न मेतत्
॥ यः श्रावयेद्वापि पठेच्च तस्य ॥

॥ क्लेशा लयं यान्ति लभेच्च शीघ्रं ।
॥ स्त्रीपुत्र विद्यार्थ गृहाणि मुक्तिम् ॥ ३१ ॥

આ શ્રી મહાગણપતિના મહિમ્ન સ્તોત્રનું જે કોઇ શ્રવણ કરાવે અથવા પોતે ભણે તો તેના સર્વ કલેશો સત્વર નાશ પામે છે. એટલુંજ નહિ પણ સ્ત્રી, પુત્ર, વિદ્યા, ધન, ગૃહોની પ્રાપ્તિ સાથે સત્વર જીવન્મુક્તિને પામે છે. (૩૧)

ॐ इति श्रीमद् पुष्पदन्ताचार्य विरचित श्री गणेश माहिम्न स्तोत्र गुर्जर टिका सह संपूर्णम् ॥

॥ ॐ तत्सत ब्रह्मार्पणमस्तु ॥

ॐ

॥ अथ श्रीगणेशस्तवराज स्तोत्रम्. ॥

श्रीगणेशाय नमः ॥ श्रीभगवानुवाच ॥

॥ गणेशस्य स्तवं वक्ष्ये कलौ झटितिसिद्धिदम् ॥
॥ न न्यासो नच संस्कारो न होमो नच तर्पणम् ॥१॥
॥ न मार्जनं च पंचाशत् सहस्त्र जप मात्रतः ॥
॥ सिध्यत्यर्चनतः पंच शतब्राह्मण भोजनात् ॥२॥

अस्य श्री महागणपति स्तोत्र मंत्रस्य । भगवान्सदाशिव ऋषिः । अनुष्टुप् छंदः । श्रीमहागणपतिर्देवता । श्रीमहागणपति प्रीत्यर्थे जपे विनियोगः

॥ विनायकैक भावना समर्चना समर्पितं ।
॥ प्रमोदकैः प्रमोदकैः प्रमोद मोद मोदकम् ॥
॥ यदर्पितं सदर्पितं नवान्नधान्यनिर्मितं ।
॥ न कण्डितं न खण्डितं न खण्डमण्डनं कृतम् ॥१॥
॥ सजाति कृद्विजाति कृत्स्वनिष्ठ भेदवर्जितं ।
॥ निरंजनं च निर्गुणं निराकृति प्रनिष्क्रियम् ॥

॥ सदात्मकं चिदात्मकं सुखात्मकं परं पदं ।
॥ भजामितं गजाननं स्वमाययात्त विग्रहम् ॥२॥
॥ गणाधिप त्वमष्टमूर्तिरीश सूनुरीश्वर ।
॥ स्त्वमम्बरं च शंबरं धनंजयंः प्रभंजनः ॥
॥ त्वमेव दीक्षितः क्षितिर्निशाकरः प्रभाकर ।
॥ श्चराचर प्रचारहेतु रन्तराय शान्तिकृत् ॥३॥
॥ अनेक दन्तमालनीलमेकदन्त सुंदरं ।
॥ गजाननं नमो गजाननामृताब्धिचन्दिरम् ॥
॥ समस्त वेदवाद सत्कला कलापमन्दिरं ।
॥ महान्तराय कृत्तमोर्कमाश्रितोन्दुरुं परम् ॥४॥
॥ सरत्नहेम घण्टिकानि नाद नूपुर स्वनै ।
॥ मृदंगताल नादभेद साधनानुरूपतः ॥
॥ धिमिद्धिमित्तथोंग थोंग थेयि थेयि शब्द तो ।
॥ विनायकः शशांकशेखरः प्रहृष्य नृत्याति ॥५॥
॥ सदा नमामि नायकैक नायकं विनायकं ।
॥ कला कलाप कल्पना निदानमादि पुरुषम् ॥
॥ गणेश्वरं गुणेश्वरं महेश्वरात्म संभवं ।
॥ स्वपाद पद्मसेविनामपार वैभव प्रदम् ॥६॥

॥ भजे प्रचण्ड तुन्दिलं सदन्द शूकभूषणं ।
॥ सनन्दनादि वन्दितं समस्तसिद्ध सेवितम् ॥
॥ सुरा सुरौघयोः सदा जयप्रदं भयप्रदं ।
॥ समस्त विघ्नघातिनं स्वभक्त पक्षपातिनम् ॥७॥
॥ कराम्बु जात कंकणः पदाब्ज किंकिणी गणो
॥ गणेश्वरो गुणार्णवः फणीश्वरांग भूषणः
॥ जगत् त्रयान्तराय शान्तिकारकोस्तु तारको
॥ भवार्णवस्थ घोरदुर्गहा चिदेक विग्रहः ॥८॥
॥ यो भक्ति प्रवणश्चराचर गुरोः स्तोत्रं गणेशाष्टकं
॥ शुद्धः संयतचेतसा यदि पठे न्नित्यं त्रिसंध्यं पुमान् ॥
॥ तस्य श्रीरतुला स्वसिद्धि सहिता श्रीशारदा सर्वदा
॥ स्यातां तत्परिचारिके किल तदा काः कामनानां कथाः ९

इति श्री रुद्रयामले गणेश स्तवराज स्तोत्रं संपूर्णम् ॥

॥ अथ श्री मयुरेश्वर स्तोत्रम् ॥

॥ सर्वे ऊचुः ॥

परब्रह्मरूपं चिदानंदरूपं । सदानंदरूपं सुरेशं परेशम् ॥
गुणाब्धिं गुणेशं गुणातीतमीशं । मयूरेश माद्यंननताः स्मोनताःस्मः १
जगद्वंद्यमेकं परोंकार मेकं । गुणानां परं कारणं निर्विकल्पम् ॥
जगत्पालकं हारकं तारकं तं । मयूरेश० ॥ २ ॥
महादेव सूनुं महादैत्यनाशं । महापूरुषं सर्वदा विघ्ननाशम् ॥
सदा भक्तपोषं परंज्ञान कोशं । मयूरेश० ॥ ३ ॥
अनादिं गुणादिं सुरादिं शिवाया । महातोषदं सर्वदा सर्व वंद्यम् ॥
सुरार्यंतकं भुक्ति मुक्तिप्रदं तं । मयूरेश० ॥ ४ ॥
परं मायिनं मायिनामप्य गम्यं । मुनिध्येय माकाश कल्पं जनेषम्
असंख्यावतारं निजाज्ञाननाशं । मयूरेश० ॥ ५ ॥
अनेक क्रियाकारणं श्रुत्यगम्यं । त्रयी बोधितानेक कर्मादि बीजम्
क्रियासिद्धि हेतुं सुरेन्द्रादि सेव्यं । मयूरेश० ॥ ६ ॥
महाकालरूपं निमेषादि रूपं । कलाकल्परूपं सदागम्यरूपम् ॥
जनज्ञानहेतुं नृणांसिद्धि दंतं । मयूरेश० ॥ ७ ॥
महेशादिदेवैः सदा सेव्यपादं । सदा रक्षकं योगिनां चित्स्वरूपम्
सदा कामरूपं कृपांभोनिधिंतं । मयूरेश० ॥८॥

सदा भक्तानां त्वं प्रभस परमानन्द सुखदो ।
यतस्त्वं लोकानां परम करूणा माशुतनुषे ॥

षडूर्मिणां वेगं सुरवर सदानाशय विभो ।
ततामुक्तिः श्लाघ्या तव भजनतोनंत सुखदात् ॥ ९ ॥
किमस्माभिः स्तोत्रं गजवदन ते शक्य मतुलं
विधातुं वारम्यं गुणनिधि रसि प्रेम जगताम् ॥
न चास्माकं शक्ति स्तवगुणगणं वर्णितुमहो
त्वदीयोयं वारां निधिरिव जगत्सर्जन विधिः ॥१०॥
इतिश्री गणेशपुराणे उत्तरखण्डे मयूरेश्वर स्तोत्र संपूर्णम् ।
" ॐ तत्सदिति "

ॐ श्री गणेशाय नमः ॥

॥ अथ श्री गणेश स्तोत्रराज प्रारम्यते ॥

ब्रह्म विष्णु महेशा उचुः ॥

॥अजं निर्विकल्पं निराकारमेकं । निरानन्दमद्वैतमानन्द पूर्णम् ॥
॥परं निर्गुणं निर्विशेषंनिरीहं । परब्रह्मरूपं गणेशं भजेम ॥१॥
॥गुणातीतमाद्यं चिदानंदरूपं । चिदाभासकं सर्वगं ज्ञानगम्यम् ॥
॥मुनिध्येय माकाशरूपं परेशं । परब्रह्मरूपं गणेशं भजेम ॥ २ ॥
॥जगत् कारणं कारण ज्ञानरूपं । सुरादिं सुखादिं युगादिं गणेशम्॥
॥जगव्द्यापिनं विश्ववंद्यं सुरेशं । परब्रह्मरूपं गणेशं भजेम ॥३॥
॥रजो योगतो ब्रह्मरूपं श्रुतिज्ञं । सदाकार्य सक्तं हृदाचिन्त्यरूपम्
॥जगत्कारकं सर्वविद्या निधानं । परब्रह्मरूपं गणेशंनताःस्मः॥४॥

। सदा सत्वयोगं मुदाक्रीडमानं । सुरारीं हरंतं जगत्पालयंतम्॥
॥अनेकावतारं निजाज्ञानहारं । सदा विष्णुरूपं गणेशं नमामः॥५॥
॥ तमो योगिनं रुद्ररूपं त्रिनेत्रं । जगद्धारकं तारकं ज्ञान हेतुम् ॥
॥ अनेकागमैःस्वंजनं बोधयतं । सदाशिव रूपं गणेशं नमामः॥६॥
॥ तमस्तोमहारंजना ज्ञान हारं । त्रयी वेदसारं परब्रह्म पारम् ॥
॥ मुनिज्ञानकारं विदूरे विकारं । सदा ब्रह्मरूपं गणेशंनमामः। ७॥
॥ निजै रोषधीस्तर्पयंतंकरांघैः। सुरौघान् कलाभिःसुधास्राविणिभिः
॥ दिनेशांशु संतापहारं द्विजेशं । शशांकस्वरूपं गणेशं नमामः॥८॥
॥ प्रकाश स्वरूपं नभो वायुरूपं । विकारादि हेतुं कलाकालभूतम् ॥
॥ अनेकक्रियानेक शक्ति स्वरूपं । सदाशक्तिरूपं गणेशं नमामः॥९॥
॥ प्रधान स्वरूपं महत्तत्वरूपं । धरावारिरूपंदिगीशादि रूपम् ॥
॥ असत्सत्स्वरूपं जगद्धेतुभूतं । सदाविश्वरुपं गणेशं नताःस्मः१०
॥ त्वदीयेमनःस्थापयेदंघ्रि युग्मे । जनोविघ्न संघान् न पीडांलभेत॥
॥ लसत्सूर्यबिम्बेविशाले स्थितोयं । जनोध्वान्तबाधाकथं वालभेत॥
॥वयभ्रामिताःसर्वथाज्ञानयोगा । दलब्धास्तवांघ्रिं बहुन्वर्षपूगान्॥
॥इदानीमवाप्तास्तवैव प्रसादात् । प्रपन्नान्सदापाहिविश्वंभराद्य॥१२॥
॥इदंयःपठेत् प्रातरुत्थायधीमां । त्रिसंध्यं सदाभक्तियुक्तोविशुद्धः॥
॥सपुत्रान्श्रियं सर्वकामान्लभेत । परब्रह्मरूपो भवेदंत काले॥१३॥

इतिश्री गणेश पुराणे ब्रह्माविष्णु रुद्र कृत
गणेश स्तोत्रराज समाप्तः ॥

શ્રીમદ્ બ્રહ્મવિદ્વરિષ્ટ શ્રી સદ્ગુરૂ શ્રી પ્ર. પ્ર. પૂર્ણાનન્દ સ્વ૦
મહારાજ તરફથી પ્રસિદ્ધ થયેલાં સનાતન ધર્મ શ્રેણી પૂર્વક વેદા૦
જ્ઞાન ભક્તિ રસથી ભરપુર પુસ્તકોની યાદિ—

		કીંમત.
સ્વાનંદ બ્રહ્મવિલાસ કાવ્યમાળા ઉત્તરાર્ધ.	....	૧–૪–૦
સ્વાનંદ મહોદધિ કાવ્યમાળા.	....	૧–૮–૦
અદ્વૈત ચિન્તામણી.	....	૨–૦–૦
ગુરૂગીતા સાર્થ.	....	૦–૪–૦
પ્રણવદર્શન.	....	૦–૨–૦
પ્રણવદર્શન રહસ્ય.	....	૦ ૨–૦
સનાતન ધર્મ ભાસ્કર	....	૦–૬–૦
નિરાલમ્બોપનિષત્ સાર્થ	....	૦–૮–૦
ગણેશ મહિમ્ન સ્તોત્ર સાર્થ.	....	૦–૨–૦
ગણેશ અથર્વશિર્ષ.	....	વિના મુલ્ય.
બ્રહ્મકર્મોપાસના.	....	વિના મુલ્ય.

ઠેકાણું—શ્રી ગણપતિ મંદિર—લુણાવાડાના શરનામેથી મંગાવવી.

અથવા

શ્રી સદ્ગુરૂ શ્રીમત પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજના મુકામ ઉપરથી.